©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]** **THURSDAY, MAY 28, 2026 / JYAISTHA 7, 1948** **[ No. 22**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૬

**નં. જીએચકેએચ-૪૫-૨૦૨૬-નસબ-૧૧-૨૦૨૦-૧૬૪-ચ (e-file No: ACD/APM/e-file/2/2023/3267/CH):-** ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૩૦/૦૩/૨૦૧૨ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૧૦/૭૮૭/૨૦૧૨ થી ધી ભાદરણ મર્કેન્ટાઈલ કો. ઓપ. બેંક લી. (ફડચામાં), ભાદરણ, જિ. આણંદને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના વખતોવખતના હુકમથી તા. ૨૯/૦૩/૨૦૨૦ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા. ૨૯/૦૩/૨૦૨૫ સુધી કલમ-૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૦૪/૦૪/૨૦૨૫ ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ તા. ૨૯/૦૩/૨૦૨૬ સુધી મુદ્દત વધારો આપવામાં આવેલ હતી. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

આથી, ધી ભાદરણ મર્કેન્ટાઈલ કો. ઓપ. બેંક લી. (ફડચામાં), ભાદરણ, જિ. આણંદને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની જોગવાઈ હેઠળ ફડચાની કામગીરી આટોપી લેવા તા. ૩૦/૦૩/૨૦૨૬ થી તા. ૨૯/૦૩/૨૦૨૮ સુધી મુદત વધારી આપવામાં આવે છે. આ વધારેલા મુદતના સમયગાળામાં ફડચાની કામગીરી પૂર્ણ થાય તે રીતે કામગીરી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કુલદીપસિંહ મકવાણા,**

સરકારના ઉપસચિવ (ધિરાણ).

----------

## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

## જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૬

**નં. જીએચકેએચ-૪૮-૨૦૨૬-સમબ-૧૧-૨૦૦૭-૯૧૫-ચ (e-file No: ACD/APM/e-file/2/2023/2279/CH):-** ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૨/૦૫/૨૦૦૦ના હુકમ ક્રમાંક: નસબ/૦૧/ઝ-૧/૭૭૨/૨૦૦૦ થી ધી રીલીફ મર્કેન્ટાઈલ કો. ઓપ. બેંક લી., અમદાવાદને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૨૧/૦૫/૨૦૦૭ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૨૦/૦૫/૨૦૨૫ સુધી મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૩૦/૬/૨૦૨૫ના જાહેરનામાથી તા. ૨૦/૫/૨૦૨૬ સુધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મુદત વધારી આપેલ હતી. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

આથી, ધી રીલીફ મર્કેન્ટાઈલ કો. ઓપ. બેંક લી., અમદાવાદને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની જોગવાઈ હેઠળ ફડચાની કામગીરી આટોપી લેવા તા. ૨૧/૦૫/૨૦૨૬ થી તા. ૨૦/૦૫/૨૦૨૮ સુધી મુદત વધારી આપવામાં આવે છે. આ મુદત વધારા દરમિયાન ફડચાની કામગીરી પૂર્ણ થાય તે રીતે કામગીરી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કુલદીપસિંહ મકવાણા,**

સરકારના ઉપસચિવ (ધિરાણ).

----------

**શ્રેયાન વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર**

**તા. ૧/૪/૨૦૨૬ થી ૩૦/૪/૨૦૨૬ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી**

| અનુક્રમ નંબર | અસાધારણ રાજપત્રનો નંબર | જાહેરનામાનો નંબર અને તારીખ (ભાગ ૪-બ) | પ્રસિદ્ધિની તારીખ | વિભાગનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૮૬ | (GHN-24) ELD-2026-S.3(2)(ia)(01)-ED Cell | ૦૧-૦૪-૨૦૨૬ | નાણા વિભાગ |
| ૨ | ૮૭ | GHM/2026/53/M/RD/PRM/e-file/15/2026/2977/J | ” | મહેસૂલ વિભાગ |
| ૩ | ૮૮ | GHM/2026/M/61/RD/DAA/e-file/15/2024/11240/H1 (Stamps) | ૦૬-૦૪-૨૦૨૬ | ” |
| ૪ | ૮૯ | GHM/2026/M/62/RD/DAA/e-file/15/2025/14425/H1 (Stamps) | ” | ” |

| અનુક્રમ નંબર | અસાધારણ રાજપત્રનો નંબર | જાહેરનામાનો નંબર અને તારીખ (ભાગ ૪-બ) | પ્રસિદ્ધિની તારીખ | વિભાગનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૫ | ૯૦ | GHKH/41/2026/ACD/AMR/e-file/2/2025/3703/G | ૦૯-૦૪-૨૦૨૬ | કૃષિ, ખે. ક. અને સ. વિ. |
| ૬ | ૯૧ | GH/SH/14/ED/AWR/e-file/3/2025/2689/KH-1 | ૨૦-૦૪-૨૦૨૬ | શિક્ષણ વિભાગ |
| ૭ | ૯૨ | GH/VS/86/2026/33/A | ૨૮-૦૪-૨૦૨૬ | વૈ. અને સં. બા. વિ. |
| ૮ | ૯૩ | GH/VS/87/2026/33/A | ” | ” |
| ૯ | ૯૪ | GHL/06/SJED/2026/1/2088/CHH | ૨૯-૦૪-૨૦૨૬ | સા. ન્યા. અને અધિ. વિ. |
| ૧૦ | ૯૫ | GH/TD/04/2026/TDD/AJP/e-file/25/2026/0262/CH | ૩૦-૦૪-૨૦૨૬ | આદિજાતિ વિકાસ વિભાગ |
| ૧૧ | ૯૬ | GHY/07/2026/GOI/132010/13/A | ” | આરો. અને પ. ક. વિ. |

**બી. જી. ઠાકુર,**
શ્રેયાન વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,
ગાંધીનગર.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.05.29 14:55:12 IST